ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>**અખબારી યાદી**</u>

તા:૧૩/૦૮/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

................................, ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

# જિલ્લા કક્ષાનેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬ યોજાયો.

દરવર્ષે નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મયૂઝિયમ દ્વારા વિજ્ઞાન સંબંધિત વિવિધ વિષયો પર કાર્યક્રમો યોજવામાં આવે છે. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ શાળાઓના વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક ક્ષમતાને બહાર લાવવાનો છે. જેના ભાગરૂપે આ વર્ષે નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬નું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ ત્યાર બાદ રાજય કક્ષાએ થનાર છે.

જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર–૨૦૧૬નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ : શકયતાઓ અને પડકારો' **"Pulses for Sustainable Food Security : Prospects and Challenges"** વિષય પર **તા.૧૩ ઓગષ્ટ, ૨૦૧૬** શ**નિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન મેડીકલ કોલેજ, એસ. ટી. બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર** ખાતે કરવામાં આવેલ.

કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં શ્રી વેદાંતભાઈ પંડયા (આઈ. સી. રજીસ્ટાર એમ. કે. બી. યુની., ભાવનગર), શ્રી એમ. પી. પટેલ (નાયબ પ્રાથમિક શીક્ષણાધીકારી, ભાવનગર) શ્રી સતીષભાઈ ત્રિવેદી (શાશણાધીકારી, નગર પ્રાથમિક શીક્ષણ સમિતિ, ભાવનગર), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રેસીડેન્ટ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર), ડૉ.ભાવેશ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) ઉપસ્થિત રહીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર–૨૦૧૬ કાર્યક્રમમાં પ્રથમ ક્રમે પારેખ ચેતસ (સ્વામી નારાયણ ગુરૂકુળ, ભાવનગર), દ્વિતીય ક્રમે ચૌહાણ ક્રિપાલ (બી. બી. શાહ હાઈસ્કુલ, દેવગાણા ) અને ત્રિજા ક્રમે કામદાર આશીકા (નૈમિશારણ્ય સ્કુલ, સીદસર, ભાવનગર) વિજેતા થયેલ. જે આગામી યોજાનારા રાજય કક્ષાના કાર્યક્રમમાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધીત્વ કરશે. જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણ પત્રો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.